## તા.૧૬/૦૨/૨૦૨૪ (ચોથો દિવસ): શ્રમ અને રોજગાર વિભાગ માંગણી ક્રમાંક ૫૭

**માનનીય અધ્યક્ષશ્રી,**

- અમારી સરકાર રાજ્યના યુવાનો તથા શ્રમયોગીઓના કલ્યાણ માટે સતત ચિંતીત રહે છે.
- ગુજરાત રાજ્ય આખા દેશમાં આર્થિક વિકાસ થકી એક મોડેલ રાજ્ય બની રહેલ છે તેવા સંજોગોમાં આપણા યુવાધનને રાજ્યની આર્થિક તથા સામાજીક પ્રગતિમાં ભાગીદાર બનાવી તેમને વિકાસના લાભો આપવા રાજ્યનો શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ કાર્યશીલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ જુદી જુદી પાંખ કાર્યરત છે. જે નીચે મુજબ છે.

(૧) શ્રમ આયુકત તંત્રઃ- શ્રમ કાયદાના અમલીકરણ અને શ્રમ તંત્ર હેઠળના બાંધકામ શ્રમયોગી બોર્ડ, સામાજીક સુરક્ષા બોર્ડ, ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ અને શ્રમયોગી કલ્યાણ બોર્ડ કાર્યરત છે. જે શ્રમયોગીઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ કરે છે.

(૨) રોજગાર અને તાલીમ પાંખઃ- રાજયના યુવાનોને રોજગારીની તકો ઉપલબ્ધ કરવામાં તથા આઇ.ટી.આઇ. મારફત યુવાધનને તાલીમબધ્ધ કરવાની કામગીરી કરે છે.

(૩) નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યઃ- રાજયમાં કારખાના ધારા હેઠળ કારખાનાઓની નોંધણીની કામગીરી અને શ્રમિકોની સલામતી અને સ્વાસ્થ્ય માટે કામગીરી કરે છે.

(૪) બોઇલર પાંખઃ- રાજયના ઉદ્યોગોના બોઇલરોની સલામતી માટે અને ઉદ્યોગોના જાનમાલની સલામતી માટે કાર્ય કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** **(શ્રમ આયુક્ત તંત્ર)**

- ઔદ્યોગિક શાંતીની જાળવણી
- વર્ષ ૨૦૧૯ ફેક્ટરીઓની સંખ્યા ૩૫૩૩૮ અને વર્ષ ૨૦૨૩ માં ૪૯૦૦૦ થી વધુ
- દુકાનો અને વાણિજ્ય સંસ્થાઓ અંદાજે ૬.૫૦ લાખ
- શ્રમ કાયદા નિરીક્ષણો – ૫૯૬૧૮ - ફોજદારી કેસો - ૩૬૭૫ - કોર્ટ દ્વારા થયેલ દંડની રકમ ૨.૦૫ કરોડ
- સમજાવટથી ચુકવણું: ૧૨,૨૩૬ શ્રમયોગીઓને રૂ. ૧૨.૬૪ કરોડ નું ચુકવણું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- બોનસ: વર્ષ: ૨૦૨૨-૨૩ માં રાજ્યમાં ૬૨૩૦ સંસ્થાઓમાં કુલ-૧૦,૬૭,૬૫૯ શ્રમિકોને રૂ.૧૩૧૫.૯૩ કરોડની રકમ બોનસ તરીકે ચૂકવણી કરવામાં આવેલ છે. જે અત્યાર સુધીમાં બોનસ પેટે ચૂકવાયેલ સૌથી વધુ રકમ છે. જે ગુજરાત રાજ્ય માટે ખુબજ ગર્વ લેવાની બાબત છે.
- અસંગઠિત શ્રમિકોની નોંધણી – ૧ કરોડ ૧૫ લાખથી વધુ  નોંધણીની પ્રક્રિયા સતત ચાલુ છે.
- શ્રમિક સહાય હેલ્પલાઇન ૧૫૫૩૭૨ શ્રમિકોને શ્રમ કાયદા અંગેનું માર્ગદર્શન, ફરીયાદોની નોંધણી, વિભાગોની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવે છે. તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧.૦૧.૨૦૨૪ સુધીમાં કુલ ૧૦,૭૬૦ કોલ મળેલ છે. જે તમામ કોલ ને યોગ્ય પ્રતિસાદ આપી શ્રમયોગીઓના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. વડાપ્રધાનશ્રીના કન્યા કેળવણીના અભિગમના પરિણામ સ્વરૂપે મહિલા શ્રમિકોની ભાગીદારીમાં ગત વર્ષોની સરખામણીમાં ગુજરાતે ૧૫ મા સ્થાનેથી આગળ વધીને ૬ ઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેમજ પૂરૂષ શ્રમિકોની ભાગીદારીમાં દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** **( નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય:)**

- રાજયમાં કારખાના ધારા હેઠળ કુલ ૪૯,૨૩૮ કારખાનાઓ નોંધાયેલ છે.
- વર્ષ ૨૦૨૩ માં ૧૩૧૯ નવા નોંધાયેલ છે.
- જેમાં આશરે ૨૨.૫૪ લાખ શ્રમયોગીઓ કામ કરે છે.
- વર્ષ ૨૦૨૩ માં કારખાનાઓમાં તપાસણી : કુલ ૧૬,૧૨૨
- કારખાના ધારાની જોગવાઈના ભંગ બદલ કોર્ટમાં દાખલ કરેલ ફોજદારી કેસો : ૩,૯૦૧
- કોર્ટ દ્વારા થયેલ દંડની રકમ રૂ. ૧.૭૫ કરોડ.
- કારખાનામાં થતા પ્રાણઘાતક અકસ્માતનો સરેરાશ દર છેલ્લા ૨૦ વર્ષમાં દર ૧,૦૦૦ શ્રમયોગીએ ૦.૧૪ હતો જે ઘટીને વર્ષ ૨૦૨૩માં ૦.૦૯ થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** **(બોઇલર પાંખ:)**

- બોઇલર તંત્રએ રાજયના ઉધોગોના જાન માલની સલામતી અર્થેનું ટેકનીકલ વીંગ છે. જે રાજયના ઉધોગોના બોઇલરોની સલામતી માટે સતત જાગૃત, સજાગ અને નવી ટેકનોલોજીથી સજ્જ રહી વિશ્વસનીય સેવાઓ પુરી પાડે છે.
- બોઇલર નિરીક્ષણ તંત્ર દ્વારા રાજયના તમામ ઉધોગોના કાર્યરત બોઇલરોના નિરીક્ષણ કામગીરીનો ૧૦૦ ટકા લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** **(ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ:)**

- બાંધકામ શ્રમયોગીઓની નોંધણી કરી તેઓને ઈ- નિર્માણ કાર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ સુધી ૨.૫૧ લાખની નોંધણી ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૪ અંતે ૮.૮૫ લાખની નોંધણી.
- શ્રમિક અન્નપૂર્ણા યોજના – વર્ષ ૨૦૨૨-૨૩ માં શ્રમિક ફાળાની રકમ રૂ. ૧૦ થી ઘટાડી રૂ. ૫.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં નવા ૧૫૦ કેન્દ્રોની શરૂઆત. હાલમાં ૨૭૮ કેન્દ્રો કાર્યરત છે. દરરોજ ૪૦,૦૦૦ થી વધુ શ્રમિકો ભોજન મેળવે છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૪૦ લાખથી વધુ ભોજન વિતરણ, અત્યાર સુધીમાં ૨૬૭ લાખ ભોજન વિતરણ.વર્ષ ૨૦૨૪-૨૫ માં નવા ૧૦૦ કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- બાંધકામ શ્રમિકને તાવ, ઝાળા, ઉલટી જેવા સમાન્ય રોગો માટે ધંનવંતરી આરોગ્ય રથની વ્યવસ્થા.
- હાલ ૧૫૪ ધંનવંતરી આરોગ્ય રથ કાર્યરત છે.
- આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં ૨૬ લાખથી વધુ ઓ.પી.ડી. થયેલ છે. કુલ ૨૧ કરોડથી વધુ ખર્ચ થયેલ છે.
- અત્યાર સુધીમાં આ યોજના હેઠળ કુલ ૮૦ લાખથી વધુ ઓ.પી.ડી. થયેલ છે તેમજ કુલ રૂ. ૯૩ કરોડથી વધુ ખર્ચ થયેલ છે.

  સને ૨૦૨૩-૨૪ નાં બજેટમાં આ યોજનાનો વ્યાપ વધારીને નવા મંજૂર કરેલ ૫૦ રથો દ્વારા 33 જીલ્લાના તાલુકા તથા ગામમાં બાંધકામ શ્રમિકો સુધી પ્રાથમિક સારવાર પહોંચાડવામાં આવશે. ઉક્ત યોજનાના અમલીકરણ માટે રૂ. ૫૯ કરોડના ખર્ચની જોગવાઇ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- નોંધાયેલા બાંધકામ શ્રમિકના બાળકોના અભ્યાસ માટે ભરેલ કુલ ફીના ૧૦૦% રકમની સહાય આપવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં નિવાસી શિક્ષણ સહાય યોજનાના અમલીકરણ માટે ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- બાંધકામ શ્રમિકો માટે શ્રમિક બસેરા યોજના અંતર્ગત માત્ર **પાંચ રૂપિયા પ્રતિ દિન પ્રતિ શ્રમિક** ભાડાના દરથી શ્રમિકોને રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવશે. લાભાર્થી શ્રમિકના ૦૬ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે કોઈ ભાડું લેવામાં આવશે નહી. હાલમાં અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં છ સાઇટ માટે પાઈલોટ પ્રોજેકટ તરીકે નિવિદા આપેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી, (ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગુજરાત સામાજીક સુરક્ષા બોર્ડ અને ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ)**

- સંગઠિત ક્ષેત્રે ફરજ બજાવતા શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને પ્રાથમિક સારવાર મળી રહે તે હેતુસર **મોબાઈલ મેડિકલ વાન યોજના** અમલમાં છે.

- આ યોજના હેઠળ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને વિના મૂલ્ય પ્રાથમિક સારવાર તથા દવાઓ આપવામાં આવે છે. હાલમાં આ યોજના અન્વયે **૧૯ મોબાઈલ મેડીકલ વાન કાર્યરત છે. જેના થકી ૫,૪૨,૬૬૪ (પાંચ લાખ બેતાલીસ હજાર છસો ચોસઠ) કામદારોએ લાભ મેળવેલ છે.** આ યોજનાને ખૂબ જ સારો પ્રતિસાદ મળતાં ચાલુ નાણાંકીય વર્ષમાં વધુ છ મોબાઇલ મેડિકલ વાન ખરીદવામાં આવશે. જે અન્વયે **વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટમાં કુલ રૂ.૭.૮૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.**

- સંગઠિત ક્ષેત્રે ફરજ બજાવતા શ્રમયોગીઓના બાળકોને પ્રોત્સાહન મળી રહે અને ઉચ્ચ અભ્યાસ કરવા માટે પ્રેરિત થાય તેવા હેતુસર શૈક્ષણિક પુરસ્કાર યોજના અમલમાં છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૩,૧૫૮ લાભાર્થીઓએ લાભ લીધેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૪- ૨૫માં રૂ.૧.૧૨ કરોડ ની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત યોજના અંતર્ગત અકસ્માતથી મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં રૂ.૧.૦૦ લાખની જોગવાઇ છે તથા અકસ્માતે આંશિક અપંગતાના કિસ્સામાં રૂ.૫૦ હજારની જોગવાઇ છે. જેના માટે રૂ. ૫.૪૦ કરોડની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ (જાન્યુઆરી ૨૦૨૪ અંતિત) માં ૨૭૫ લાભાર્થીઓને રૂ. ૨.૭૫ કરોડ સહાય ચુકવવામાં આવેલ છે.

- મરણોત્તર ક્રિયા માટે અંત્યેષ્ઠી સહાયની રકમ રૂ.૫૦૦૦ છે. શ્રમિકોને આ યોજના અંતર્ગતની સહાયમાં વધારો કરીને વર્ષ ૨૦૨૪-૨૫થી રૂ.૧૦,૦૦૦/- કરવા અર્થે રૂ.૨.૨૭ કરોડની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ (જાન્યુ.૨૪ અંતિત) માં કુલ-૨,૯૨૫ લાભાર્થીઓને રૂ.૧.૪૬ કરોડ સહાય ચુકવવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ થી સહાયની રકમ રૂ.૧.૦૦ લાખથી વધારીને રૂ. ૪.૦૦ લાખ કરવા રૂ.૦.૭૫ કરોડની નવી બાબતની જોગવાઇ કરેલ છે.

- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ (જાન્યુ.૨૪ અંતિત) માં ૨૧ લાભાર્થીઓને રૂ. ૨૧ લાખ સહાય ચુકવવામાં આવેલ છે.
- રાજ્યના અસંગઠિત શ્રમયોગીઓ માટે વિવિધ કલ્યાણકારી અમલી યોજનાઓ હેઠળ સામાજિક સુરક્ષાના ભાગરૂપે વર્ષ: ૨૦૨૩-૨૪માં નાણાંકીય બજેટ જોગવાઈ રૂ. ૯.૯૦ કરોડ કરવામાં આવેલ હતી જે વધારીને વર્ષ:૨૦૨૪-૨૫માં રૂ.૧૮.૮૫ કરોડ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી, (રોજગાર અને તાલીમ પાંખ:)**

- ભારત સરકારના અહેવાલ મુજબ રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે.
- ગુજરાત રાજ્યમાં બેરોજગારી સતત ઓછી રહેલ છે. ભારત સરકાર દ્વારા ઓક્ટોબર-૨૦૨૩ માં પ્રકાશિત થયેલ અહેવાલ અનુસાર તમામ વયજૂથમાં ગુજરાતનો બેરોજગારીનો દર ફક્ત ૧.૭ છે.
- રાજય સરકારના "હર હાથ કો કામ, હર ખેત કો પાની" સ્વપ્નને સાકાર કરવા માટે રાજ્યમાં કુલ ૪૬ રોજગાર કચેરીઓ દ્વારા રોજગારલક્ષી વિવિધ સેવાઓ આપવામાં આવે છે. જેના થકી રોજગાર કચેરીઓ દ્વારા ખાનગી ક્ષેત્રે છેલ્લા ૫ વર્ષ દરમ્યાન ૧૫,૨૧,૯૪૧ ઉમેદવારોને તેમજ ચાલુ વર્ષમાં જાન્યુઆરી સુધીમાં ૨,૪૮,૬૭૦ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૧,૦૮૬ ભરતીમેળાના આયોજન થકી ૧,૦૮,૧૩૭ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.
- "અનુબંધમ" વેબ પોર્ટલ નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે. "અનુબંધમ" વેબ પોર્ટલમાં હાલની સ્થિતિએ 3 લાખ થી વધુ ઉમેદવારોની તથા ૪૭,૦૦૦ થી વધુ નોકરીદાતાઓની નોંધણી થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યના યુવાનો માટે "રોજગાર સેતુ" કોલ સેન્ટર પ્રોજેકટ અમલમાં મુકેલ છે. ૨,૧૬,૦૦૦ થી વધુ યુવાનોએ આ સેવાનો લાભ લીધેલ છે.
- ગુજરાતને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટીય કક્ષાએ કૌશલ્ય વિકાસમા પ્રથમ હરોળમાં મુકવા ૨૦૨૪-૨૫ માં કૌશલ્ય વિકાસ હેઠળ રૂ.૫૬૮.૨૯ કરોડની જોગવાઈ કરેલ છે.

- જેનો મુખ્ય ઉદેશ્ય કૌશલ્ય વિકાસ થકી સરકારી સહાયતા દ્વારા રોજગારની ખાતરી આપવાનો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,(કૌશલ્યા : ધ સ્કીલ યુનિવર્સિટી)**

**માન. પ્રધાનમંત્રીશ્રીની દુરંદેશીતાથી કૌશલ્યા : સ્કીલ યુનિવર્સીટીની સ્થાપના**

- કૌશલ્યા : સ્કીલ યુનિવર્સીટીનું નવુ કેમ્પસ અમદાવાદમાં શિલજ ખાતે બંધાઈ રહેલ છે. જેના ખર્ચ માટે રૂ.૭૮.૬૮ કરોડની જોગવાઈ કરેલ છે.
- યુનિવર્સિટી દ્વારા ૬ સ્કૂલોની સ્થાપના કરવામાં આવેલી છે. નવી શિક્ષણ નીતિ (એન.ઇ.પી.-૨૦૨૦) ને અનુરૂપ કુલ-૧૨૦ જેટલા વિવિધ અભ્યાસક્રમો યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ છે.
- રાજયમાં માઈક્રોન કંપનીના આગમનથી સેમિકન્ડક્ટર ઉદ્યોગ વિકાસ પામી રહ્યો છે ત્યારે સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે એક વ્યાપક તાલીમ કેન્દ્રની સ્થાપના કૌશલ્યા : ધ સ્કીલ યુનિવર્સિટી ખાતે કરવા માઈક્રોન કંપની સાથે એમઓયુ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- કૌશલ્યા : ધ સ્કિલ યુનિવર્સિટીએ ડ્રોન ઉત્પાદન અને તાલીમ માટે "ડ્રોન મંત્રા" લેબોરેટરી વિકસાવેલ છે. આ લેબમાં અત્યાધુનિક મશિનરી અને ટેકનોલોજી સાથે વાસ્તવિક કાર્ય પરિસ્થિતિમાં ડ્રોન ઉત્પાદન અને પ્રોગ્રામિંગની તાલીમ પૂરી પાડવામાં આવે છે.

  ડ્રોન ક્ષેત્રના વિકાસને ધ્યાને લેતા ડ્રોન પાયલટની માંગ ઊભી થયેલ છે, જેના લીધે ડ્રોન પાયલટ ટ્રેનિંગને વેગ આપવા કૌશલ્યા : ધ સ્કીલ યુનિવર્સિટી હેઠળ રિમોટ પાઇલટ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન ખાતે ડ્રોન ઇન્સ્ટ્રક્ટર ટ્રેનીંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.